EDII

Divyabhaskar

May 7, 2018
Businessbhaskar
Page No.3

ઈન્વેસ્ટમેન્ટ

### ઉદ્યોગ સાહસિકતા અંગે આધુનિક શિક્ષણ-પ્રોત્સાહન મળે તે માટે પ્રયાસોની તાતી જરૂરિયાત

# વિકાસની નવી ક્ષિતિજ: ઉદ્યોગસાહસિકતા માટે શિક્ષણ અને પ્રોત્સાહન અભિન્ન અંગ

સ્ટાર્ટઅપ ટોક
અવધેશ એસ ઝા

થોડા સમય અગાઉ એક સરસ મજાની ચર્ચામાં ભાગ લેવાનું થયું તેમાં એવો મુદ્દો ઉપસ્થિત થયો હતો કે ચીનમાં માસ પ્રોડક્શનને પ્રોત્સાહન મળે છે તેની સામે ટકી રહેવા માટેની વ્યૂહરચનામાં ભારત કેવી રીતે આગળ વધી શકે. ભારતમાં શા માટે વ્યક્તિગત ઉદ્યોગ સાહસિકતા અને નાના નાના એકમોને વધુ મહત્વ આપવામાં આવે છે. તે અંગે ઊંડી ચર્ચા થઈ હતી. પરંતુ ભારતમાં હાલમાં સૌથી મહત્વની જરૂરિયાત છે ઉદ્યોગ સાહસિકતા અંગેના આધુનિક શિક્ષણ અને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળે તે માટેના પ્રયાસો કરવાની

- ઉદ્યોગસાહસિકતા સાથે સંબંધિત શિક્ષણના પ્રકાર
- પ્રાથમિક શિક્ષણ
- માધ્યમિક અને ઉચ્ચ માધ્યમ શિક્ષણ
- યુનિવર્સિટી સ્તરનું શિક્ષણ અને ઉદ્યોગસાહસિકતા
- ઉદ્યોગસાહસિકતા યુનિવર્સિટીનો વિકાસ

જ્યારે બાળકો પ્રાથમિક શાળામાં હોય, ત્યારથી જ ઉદ્યોગસાહસિકતા અંગે જાગૃતિ લાવવી જોઈએ અને આ માટે વિસ્તૃત પ્રયાસો આવશ્યક છે. આ બાળકોની ક્ષમતા અનુસાર વિવિધ કાર્યક્રમો અભ્યાસક્રમોમાં સામેલ કરી શકાશે, જેથી તેઓ ઉદ્યોગસાહસિકતાથી પરિચિત થાય અને ઉંમર વધવાની સાથે તેમનો ઉદ્યોગસાહસિકતા તરફનો ઝુકાવ વધતો જાય. આ માટેની સારી શરૂઆત કરવી હોય તો ઉદ્યોગસાહસિકોની તસવીરો અને નાની ઉંમરથી તેમની અંદર રહેલી જિજ્ઞાસા પેદા થઈ શકશે. પછીનાં વર્ગોમાં વિવિધ વિષયો સાથે સંબંધિત ઉદ્યોગસાહસિકતાની અતિ ટૂંકી રસપ્રદ વાર્તાઓ ઉમેરી શકાશે અને ત્યારબાદ પ્રાથમિક શિક્ષણનાં અંતિમ તબક્કામાં ઉદ્યોગસાહસિતા સાથે સંબંધિત પ્રોજેક્ટ આપી શકાશે. આ રીતે બાળકોમાં રચનાત્મક પ્રવૃત્તિ જાગશે, જેથી તેમની અંદર કશું નવીન કરવાનો વિચારો પેદા થશે.



## શિક્ષણમાં ઉદ્યોગ સાહસિકો સાથે સંપર્ક સેતુ

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં ઉદ્યોગસાહસિકતાનું પાસું ઉમેરવાથી પરિબળ સંચાલિત દેશોને માહિતી અને નવીનતા સંચાલિત દેશોમાં પરિવર્તિત કરવા જરૂરી પરિવર્તન લાવવા અને ઉદ્યોગસાહસિકતાનું વાતાવરણ ઊભું કરવા ઉદ્દીપક બની શકે છે. દરેક વિષયમાં તેની સાથે સંબંધિત ઉદ્યોગસાહસિકતા સાથે સંબંધિત કેટલાંક પાઠોનો સમાવેશ કરવા વિચારવું જોઈએ. ખાસ કરીને આ સ્તરનાં વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા પર વિશેષ ભાર મૂકીને સમર કેમ્પનું આયોજન થઈ શકશે. શાળાઓ ઉદ્યોગસાહસિકતાનું વાતાવરણ પેદા કરવા અને ભવિષ્યનાં ઉદ્યોગસાહસિકોને વ્યવહારિક અનુભવ આપવા ઉદ્યોગસાહસો સાથે જોડાણ કરવાની પહેલ પણ કરી શકે છે.

ટેકનિકલ અને રોજગારલક્ષી તાલીમ ઉદ્યોગ સાહસિકતાની અસરકારક શરૂઆત બનશે. ટેકનિકલ અને રોજગારલક્ષી શિક્ષણ માટે સુવિધાઓ કૃષિ, ઉદ્યોગ, વેપાર અને વાણિજ્ય, જાહેર સ્વાસ્થ્ય, હોમ મેનેજમેન્ટ, કળા અને કારીગરી વગેરે જેવા ક્ષેત્રોને આવરી લેશે. ઉદ્યોગસાહસિકતા માટે મજબૂત આધાર બનશે.

## યુનિવર્સિટી સ્તરે ફિલ્ડ વિઝિટ, વ્યહારીકતા

યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા માટે સારું એવું પ્રોત્સાહન આપી શકાશે, જેમાં તેમનાં વ્યવહારિક શિક્ષણ પર ભાર મૂકવો, તેમનાં અભ્યાસનાં ક્ષેત્રો અને તેની બહારનાં ક્ષેત્રોનાં વિવિધ વિચારો માટે ફિલ્ડ વિઝિટ અને જુદાં જુદાં પ્રોજેક્ટ તથા સરકારી સહાય સાથે રચિત 'ઉદ્યોગસાહસિકતા વિકાસ' માટેની શાખાઓની પ્રવૃત્તિઓ તેમજ ફેકલ્ટીનું માર્ગદર્શન સામેલ છે. કોલેજનાં સ્ટાફ સાથે ઈડી શાખાઓ કળા, વાણિજ્ય કે વિજ્ઞાન શાખાની કોલેજોનાં વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા અને સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પહેલો હાથ ધરી શકે છે.

## યુનિવર્સિટીઓનો વિકાસ

ઉદ્યોગસાહસિકતા માટે સ્થાપિત યુનિવર્સિટીઓ દરેક રાજ્ય અને જિલ્લામાં સંલગ્ન કોલેજોની સ્થાપના કરી શકે છે. ઉદ્યોગસાહસિકતાનું વાતાવરણ ઊભું કરવા અન્ય યુનિવર્સિટીઓ પણ સહાય કરી શકે છે. વ્યવહારિક ઉદ્યોગસાહસિકતામાં નિષ્ણાતો ધરાવતી સ્વાયત્ત સંસ્થાની રચના રાષ્ટ્રીય સ્તરે થઈ શકે છે, જે ઉદ્યોગસાહસિકતા વિકસાવવા અને તેને પ્રોત્સાહન આપી શકે છે તેમજ તેનાં માટે વાતાવરણ ઊભું કરી શકે છે.

જેમાં ઉદ્યોગસાહસિકતા માટે યુનિવર્સિટીઓની સ્થાપના, અભ્યાસક્રમની રચના, પુસ્તકો, પ્રોત્સાહન અને અન્ય આવશ્યકતાઓ સામેલ છે. શૈક્ષણિક વ્યવસ્થા નૈતિકતા, ચારિત્રય, ક્ષમતા અને દેશ પ્રત્યેની કટિબદ્ધતા ધરાવતા તેમજ દેશનાં અર્થતંત્ર અને સંપૂર્ણ વિકાસમાં પ્રદાન કરે એવા યુવાન ઉદ્યોગસાહસિકો પેદા કરે એવી હોવી જોઈએ. પછી જ શિક્ષણ નવીનતા, ઉદ્યોગસાહસિકતાનાં જુસ્સા સાથે ઉદ્યોગસાહસિકો પેદા કરીને, સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપીને રાષ્ટ્રીય અર્થતંત્રને અગ્રેસર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

(લેખક:ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)(avdhesh@ediindia.org)